**અદાણી પાવર લી. ટુંડા તા.મુન્દ્રા દ્વારા સ્થાનિક રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

*15/4/2412 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામ જોધપુર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ અદાણી પાવર લી. ટુંડા તા.મુન્દ્રા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવવામાં આવતી ન હતી, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કંપની સામે શા પગલા લેવા માં આવ્યા, | (૧) | **"પત્રક–અ"** મુજબ |
| (૨) | હાલ આ કંપનીમાં સ્થાનિકોને ૮૫% રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૨) | ના,જી |
| (૩) | જો ના તો ઉક્ત કંપની સામે શા પગલા લેવામાં આવશે? | (૩) | સામેલ "**પત્રક–અ**" મુજબની કાર્યવાહી સૂચિત છે. |

**પત્રક–અ**

વર્ષ–૨૦૨૨ અને વર્ષ–૨૦૨૩ ના ઉક્ત એકમો અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી

| | |
|---|---|
| ૧ | સબંધિત એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો જૂન–૨૦૨૩ અંતિત તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ અને ડીસેમ્બર–૨૦૨૩ અંતિત તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ પાઠવેલ છે. |
| ૨ | ઉક્ત ઠરાવનો ભંગ કરતા એકમો સાથે બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપુર્વક સમજ આપવામાં આવેલ છે. |
| ૩ | સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સબંધિત જીલ્લા ઉધોગ કેન્દ્ર તથા વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલી આપેલ છે. |
| ૪ | રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૨૨ અને વર્ષ–૨૦૨૩) રાજયમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારૂ ઉધોગ કમિશનરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે. |

-----------------------